ડાયરેક્ટ ❤ સે

ગુરુને પકડવા અને ગુરુને છોડવા, આ બંને એક જ સૂત્ર છે. એક ઘડી એવી હોય છે કે જ્યારે ગુરુને પકડવા પડે છે. કારણ કે તેમના વગર કોઈ શરૂઆત થતી નથી. અને એક ઘડી એવી આવે છે કે ગુરુને છોડવા પડે છે, કારણ કે તે વખતે તેમની સાથે કોઈ યાત્રા થતી નથી. ગુરુ સીડીની જેમ છે, જેના વડે આપણે ચડવું પણ પડે છે અને પછી તેને છોડી પણ દેવી પડે છે.

- ઓશો

'નાસ્તિકનું સત્ય, આસ્તિકનું અસત્ય : મૃત્યુ' પુસ્તકમાંથી સાભાર

જન્મદિને વધામણી

નિકેશ બ્રહ્મભટ્ટ
પત્રકાર
ગાંધીનગર સમાચાર
મો. ૮૪૦૧૩ ૪૫૭૦૦, ૯૯૧૩૦ ૯૮૬૨૦

હેનિલ આર ગજ્જર
મો. ૯૯૭૮૯ ૩૧૩૧૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

ગાંધીનગરના બે રનર્સને મળ્યું

અમદાવાદ મેરેથોનમાં 'પેસર' તરીકે દોડવાનું સન્માન

ગાંધીનગર, તા. ૪

રવિવારે અમદાવાદ ખાતે યોજાયેલી હાફ મેરેથોનમાં ગાંધીનગર રનર્સ ગ્રૂપના રમેશબાબુ ગઢુ અને દિલીપ શર્માને પેસર તરીકે દોડવાનું સન્માન પ્રાપ્ત થયું હતું. પેસર તરીકે દોડતા રનર્સને અન્ય દોડવીરો ટાઈમ મેળવવા અનુસરતા હોય છે. આ મેરેથોનમાં જગત કારાણી, ધવલ જાજલ, જય પુરોહિત અને દિગંબર પાંડેએ પણ ફિનીશર મેડલ મેળવ્યો હતો. આ મેરેથોનના આગળના દિવસે યોજાયેલી દસ કિમી દોડમાં ગાંધીનગર રનર્સ ગ્રૂપના પંદર સભ્યોએ ભાગ લીધો હતો. આ દોડમાં ખુશાલી પુરોહિતને દ્વિતિય અને રંજનાને તૃતિય ક્રમાંક પ્રાપ્ત થયો હતો. ગાંધીનગર રનર્સ ગ્રૂપના સભ્યોને હવે વિજેતાપદ અને પેસર જેવાં સન્માન મળી રહ્યાં છે એ બાબતને ગૌરવ ગણાવી ખેલપ્રેમીઓ રનર્સ તરફ અભિનંદનનો પ્રવાહ વહાવી રહ્યા છે.

બ્રહ્મસમાજની મહિલા પાંખ દ્વારા બ્રેસ્ટ કેન્સર અંગે જાગૃતિ કાર્યક્રમ

બ્રહ્મસમાજ મહિલાપાંખ દ્વારા બ્રહ્મભવન, સેક્ટર-૧૬ ખાતે 'બ્રેસ્ટ કેન્સર' અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેનેડાથી ડૉ. રોઝમેરી, મુંબઈનાં ડૉ. ભારતી, ડૉ. રીટા બનીક, ડૉ. કલ્પના ત્રિવેદી દ્વારા બહેનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહિલા જાગૃતિ કાર્યક્રમમાં બહેનોએ ભારે ઉત્સાહથી ભાગ લીધો હતો.

ગુજરાત યુનિવર્સિટી દ્વારા ઈનોવેશન માટે અમદાવાદની સ્કૂલ્સ સાથે કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત યુનિવર્સિટીમાં ચાલતાં સ્ટાર્ટઅપની કામગીરીમાં હાલમાં ૮ ઈનોવેશન એવા છે કે જે સીધા સ્કૂલો અને સ્કૂલ સંચાલકોને મદદરૂપ થઈ શકે તેમ છે. પરંતુ આ ઈનોવેશન કરતાં વિદ્યાર્થીઓ અને ઉમેદવારો માટે દરેક સ્કૂલો સુધી પહોંચવું અઘરું હોવાથી શનિવારે યુનિવર્સિટીએ એકસાથે શહેરની ૪૦ જેટલી સ્કૂલોના સંચાલકો અને શોધ કરનારા ઉમેદવારો માટે ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણમંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ હવે સ્કૂલોમાં પણ સ્ટાર્ટઅપ પોલિસી દાખલ કરવા અને ઈનોવેશન ડેની ઉજવણી કરવા પર ભાર મૂક્યો હતો. ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટઅપ એન્ડ એન્ટરપ્રેન્યોરશીપ કાઉન્સિલ (GUSEC) દ્વારા હાલમાં જુદા જુદા ૬૦થી વધારે સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવાની કામગીરી કરાઈ રહી છે. આ સ્ટાર્ટઅપમાં અંદાજે ૮ જેટલા સ્ટાર્ટઅપ એવા છે કે જે માત્ર સ્કૂલો માટે જરૂરી છે. એક વખત સંશોધન પૂરું થયા બાદ જ્યારે તેનો રોજિંદા જીવનમાં ઉપયોગ શરૂ થાય ત્યારે સૌથી વધુ આ સ્ટાર્ટઅપ સ્કૂલો માટે જરૂરી બને તેમ છે. પરંતુ સંશોધનકર્તાઓએ આ માટે દરેક સ્કૂલો પાસે જવું પડતું હોય છે. આ પ્રક્રિયા મુશ્કેલ હોવાથી તેને સરળ બનાવવા માટે ગુજરાત યુનિવર્સિટીએ સ્ટાર્ટઅપ-સંશોધનનું સ્કૂલો વચ્ચે જોડાણ કરવા માટે ખાસ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં શહેરની ૪૦ જેટલી સ્કૂલોના સંચાલકો અને પ્રિન્સિપાલ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ સ્કૂલોમાં હવે ઈનોવેશન શરૂ કરવું જોઈએ તેવુ સૂચન કર્યું હતું. તેમણે કહ્યુ કે આપણે સ્પોર્ટસ ડે, સહિત જુદા જુદા દિવસોની ઉજવણી કરીએ છીએ ત્યારે હવે ઈવોનેશન ડે અને સ્ટાર્ટઅપ ડેની ઉજવણી કરવી જોઈએ. સ્કૂલોએ પોતાના વિદ્યાર્થીઓને ઈનોવેશન માટે યુનિવર્સિટીના સ્ટાર્ટઅપ ઈન્ક્યુબેટરમાં મોકલવા જોઈએ તેવી હિમાયત પણ કરી હતી.

બૉર્ડ પરીક્ષા માટે હૉલ ટિકિટનું વિતરણ શરૂ

ગાંધીનગર, તા. ૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા.૧૨મી માર્ચથી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષા લેવાશે. બોર્ડ દ્વારા દરેક વિદ્યાર્થીઓને તા.૬ માર્ચ સુધીમાં આ પરીક્ષાની હોલ ટિકિટ પહોંચતી કરી દેવાનો આદેશ પણ અપાયો છે. જે વિદ્યાર્થીઓને તા.૬ સુધીમાં હોલ ટિકિટ ન મળે તેઓએ પોતાના જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીનો સંપર્ક કરવા માટેની સૂચના પણ આપવામાં આવી છે. રાજ્યમાં હાલમાં જુદી જુદી સ્કૂલોની ફીને લઈને ભારે વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદના પગલે કેટલીક સ્કૂલોએ વિદ્યાર્થીઓને હોલ ટિકિટ નહીં આપવાની ચીમકી પણ આપી હતી. જો કોઈ સ્કૂલ આ પ્રકારની કામગીરી કરશે તો તેની સામે કડક કાર્યવાહી કરવાની ચીમકી પણ બોર્ડ દ્વારા અપાઈ છે. બોર્ડ દ્વારા તા.૨૮મી ફેબ્રુઆરીના રોજ ધો.૧૦ અને ૧૨ની હોલ ટિકિટ જિલ્લા વિતરણ કેન્દ્રો સુધી પહોંચતી કરી દેવાઈ છે. જેનું વિતરણ તા.૧લી માર્ચથી શરૂ કરી દેવાયું છે. બોર્ડ દ્વારા એવી સ્પષ્ટતા કરાઈ છે કે હોલ ટિકિટ એ પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે અગત્યનું ડોક્યુમેન્ટ હોવાથી દરેક પરીક્ષાર્થીને તે સમયસર મળવું જરૂરી છે. દરેક શાળાઓએ તા.૬ માર્ચ સુધીમાં વિદ્યાર્થીઓને હોલ ટિકિટ મળી જાય તેની વ્યવસ્થા કરવાની રહેશે. જો તા.૬ સુધીમાં વિદ્યાર્થીઓને આ હોલ ટિકિટ ન મળે તો પોતાના જિલ્લાના શિક્ષણાધિકારીનો સંપર્ક કરવા સૂચના અપાઈ છે.

નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળા દ્વારા વિજ્ઞાન દિવસ નિમિત્તે ઉજવણી કરાઈ

નાદરી ચાંદીસણા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ નિમિત્તે ઉજવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રયોગો કરવામાં આવ્યા હતા તેમજ વિજ્ઞાન અને ટેકનોલૉજીના લાભાલાભ, વૈજ્ઞાનિકો વિશે વક્તૃત્ત્વ સ્પર્ધા પણ યોજાઈ હતી. બાળકોએ ઉત્સાહભેર આ ઉપક્રમોમાં ભાગ લીધો હતો. આ પ્રવૃત્તિઓમાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને આચાર્ય કોકિલાબેન એસ ચૌધરીએ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ગણપત યુનિવર્સિટીમાં 'સોફેસ્ટ'નું ઉદ્ઘાટન

ગાંધીનગર, તા. ૪

એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિવર્સિટી- એઆઈયુ દ્વારા સાંસ્કૃતિક ઉત્સવ સાઉથ એશિયન યુનિવર્સિટીઝ ફેસ્ટિવલ સોફેસ્ટ ૨૦૧૮નું શનિવારે ગણપત યુનિવર્સિટીમાં ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન પહેલા યુનિવર્સિટીના કેમ્પસમાં જુદા જુદા દેશોમાંથી આવેલા વિદ્યાર્થીઓએ પોતપોતાની કલાનું પ્રદર્શન કર્યું હતું. ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેલા રાજયપાલ ઓ.પી.કોહલીએ રાજ્યમાં પ્રથમ વખત યોજાતા સોફેસ્ટને ગુજરાતના ગૌરવ તરીકે નવાજ્યો હતો. તેમણે કહ્યું કે સમાજમાં સંવાદિતા, એકતા અને મધુર સંબંધોના અનુબંધ માટે આવા સાંસ્કૃતિક મહોત્સવો બહુ મહત્વ ધરાવે છે. તેમણે યુવા શકિતને દેશના ભાવિ ઘડતરના ટ્રસ્ટીઓ ગણાવ્યા હતા.

કેન્સર અંગે જાગૃતિના કાર્યક્રમમાં પાંચ હજાર વિદ્યાર્થીઓ જોડાયા

ગાંધીનગર, તા. ૪

અમદાવાદની HCG હોસ્પિટલ દ્વારા 'આઈ કેન, વી કેન' ઝુંબેશ શરૂ કરાઈ હતી. આ ઝુંબેશના ભાગરૂપે રાજયની વિવિધ શાળાઓ, કોલેજો, સંગઠનો, કોર્પોરેટ કંપનીઓ તેમજ અન્ય સંસ્થાઓને કેન્સર સામે જાગૃતિનો સંદેશ આપતી હ્યુમન એરિયલ આર્ટનું સર્જન કરવા માટે પ્રોત્સાહિત કાર્યક્રમો યોજાયા હતા. તેની શનિવારે સાંજે દિનદયાળ હોલ ખાતે પૂર્ણાહુતિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો..

આ ઝુંબેશમાં પાંચ હજાર વિદ્યાર્થીએ હ્યુમન એરિયલ આર્ટ દ્વારા કેન્સર જાગૃતિ વિષેના વિભિન્ન સંદેશા આપ્યા હતાં. શ્રેષ્ઠ ૧૨ એન્ટ્રીમાંથી સમુહ મતદાન દ્વારા ત્રણ સર્વોત્તમ એન્ટ્રીસને પસંદ કરાઈ હતી. જેમાં જ્ઞાનદા ગર્લ્સ હાઈસ્કૂલ પ્રથમ, સત્વવિકાસ સ્કૂલ બીજા અને શ્રી સ્વામીનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓ ત્રીજા સ્થાને આવ્યા હતા. .

એચસીજીના રિજનલ ડિરેક્ટર ડૉ. ભરત ગઢવીએ કહ્યું કે, 'આઈ કેન વી કેન' પ્રોગ્રામ દ્વારા અમે લોકોને સમયસર સ્ક્રીનિંગ અને સ્વસ્થ જીવનશૈલી જાળવીને કેન્સરને હરાવી શકાય છે તે વિચારવા પ્રોત્સાહિત કરવા માંગીએ છીએ.

ઓશોના નવા પુસ્તકમાં ધર્મ અને વિજ્ઞાનની છણાવટ

પુસ્તક પરિચય
કુંતલ નિમાવત
knn786@gmail.com



આ પુસ્તક એ ઓશોના હિન્દી પુસ્તક 'કઠોપનિષદ'નો પૂર્વાર્ધ છે, જેમાં ઓશોએ મનોવૈજ્ઞાનિક સમજ આપતાં કઠોપનિષદને સમકાલીન બનાવવાનો સફળ પ્રયાસ કર્યો છે.

પ્રસ્તુત પુસ્તકમાં ધર્મ અને વિજ્ઞાનનો મૂળભૂત ભેદ ઓશોએ દર્શાવ્યો છે, જેમાં તે કહે છે કે વિજ્ઞાન વિશ્લેષણ છે. ઘટકોનું વિઘટન છે. વસ્તુને તોડતા જવું છે અને આજે પદાર્થને તોડતાં તોડતાં વિજ્ઞાન પરમાણુ સુધી પહોંચ્યું છે, જ્યારે ધર્મ સંશ્લેષણ છે, સમગ્રતા છે. ધર્મમાં બધું સંમિલિત છે, કશું બહાર નથી અને એ એટલે સુધી કે જ્યારે કોઈ બુદ્ધત્વ પ્રાપ્ત કરે છે ત્યારે તે એક એકાઈ મટીને સમગ્રતા બની જાય છે અને એ સમગ્રતાની સભાનતા જ બુદ્ધત્વ છે.

નાસ્તિકતા અને આસ્તિકતા ભેદની સૂક્ષ્મતા દર્શાવતાં ઓશો કહે છે કે મૃત્યુ નાસ્તિક માટે સત્ય છે અને આસ્તિક માટે અસત્ય. જે લોકો ધાર્મિક છે તે પણ સાચા અર્થમાં ધાર્મિક નથી, જો તેઓ મૃત્યુથી ડરે છે. આસ્તિક ગમે તેટલું કહે કે મારો આત્મામાં વિશ્વાસ છે, પરમાત્મામાં શ્રદ્ધા છે પણ તેથી કંઈ થતું નથી. તમે મંદિરોમાં, મસ્જિદોમાં પૂજા-પ્રાર્થના કરો તો પણ કંઈ વળવાનું નથી. મૃત્યુ જો તમને ડરાવે છે તો તમે નાસ્તિક છો અને આ જ ખરી કસોટી છે. આસ્તિક મૃત્યુથી ડરશે નહીં કારણ ડરનો સવાલ નથી, કારણ મૃત્યુ છે જ નહીં તે જાણે છે.

આસ્તિક માને છે કે શરીરનું મૃત્યુ છે કારણ તે શરીર સાથે જોડાયેલો છે, તે શરીરને સમગ્ર માને છે જ્યારે આસ્તિક જે શરીરની પાર છે, જે હોવું છે તેને માને છે અને તેનું કોઈ મૃત્યુ નથી.

જ્ઞાન અને સમજણના ભેદને પણ ઓશોએ સુંદર રીતે સમજાવ્યો છે. સમજણનો અર્થ જે સાંભળ્યું તેને પોતાના અનુભવથી જાણી લીધું, હૃદયસ્થ કરી લીધું, પ્રાણોથી અનુભવી લીધું, તેની પોતાને પ્રતીતિ થઈ ગઈ, પોતાને અનુભવ થઈ ગયો. જ્યારે જ્ઞાન તર્કથી, મનથી મેળવેલી સ્થિતિ છે. તેને વિપરીત તર્કથી ખંડિત કરી શકાય છે. સમજણ બધા તર્કોથી પાર છે.

જ્ઞાનની જડો હોતી નથી જ્યારે સમજણની જડો જીવનની ભૂમિમાં ઊંડે સુધી ખૂંપેલી હોય છે.

પુસ્તક : 'નાસ્તિકનું સત્ય, આસ્તિકનું અસત્ય : મૃત્યુ'
પ્રકાશક : ઉપનિષદ ચૅરીટેબલ ટ્રસ્ટ, વડોદરા
ફોન : ૨૫૮૦૩૩૬
કિંમત : રૂ. ૧૯૦

ગુણોત્સવ કાર્યક્રમોના પરિણામે શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ : શિક્ષણમંત્રી

ગાંધીનગર, તા. ૪

શિક્ષણ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા વધારવા રાજ્ય સરકારે શાળાઓમાં ગુણોત્સવ કાર્યક્રમોના કરેલા આયોજનના પરિણામે શૈક્ષણિક ગુણવત્તાની વૃદ્ધિ થઈ હોવાની વિગતો એન.સી.ઈ.આર.ટી.ના રાષ્ટ્રિય સર્વેમાં બહાર આવી છે. એન.સી.ઈ.આર.ટી.ના સરવેના તારણો પ્રમાણે રાજ્યની શાળાઓમાં ભણાવાતા ભાષા, ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને પર્યાવરણ વિષયોમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તામાં વર્ષ ૨૦૧૩, ૨૦૧૪, ૨૦૧૫ની તુલનામાં વર્ષ ૨૦૧૭માં ૯.૭૫ ટકાની નોંધપાત્ર વૃધ્ધિ થઈ હોવાનું શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું છે. અગાઉના વર્ષમાં સરેરાશ ૪૯.૭૪ ટકાની સામે વર્ષ ૨૦૧૭માં ૫૯.૪૯ ટકા શૈક્ષણિક સિધ્ધિ હાંસલ થયેલ છે.

એન.સી.ઈ.આર.ટી.એ ગત વર્ષે ૧૩ નવેમ્બરના રોજ સમગ્ર દેશના તમામ જિલ્લાની પસંદગીની શાળાઓમાં ધોરણ-૧ ની ૬૧ શાળા, ધોરણ-પની ૬૧ શાળા અને ધોરણ-૮ની ૫૧ શાળાઓની ગણિત, વિજ્ઞાન, ભાષા અને સામાજિક વિજ્ઞાનાના

વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા ચકાસવા સેમ્પલ સરવે હાથ ધર્યો હતો. તેમાં ગુજરાતની શાળાઓનો પણ સમાવેશ કરાયો હતો. શિક્ષણમંત્રીએ એન. સી. ઈ. આર. ટી.ના આ સરવેના તારણો અંગે અખબારોમાં પ્રકાશિત થયેલા અહેવાલો અંગે સ્પષ્ટતા કરતાં જણાવ્યું છે કે, જે અહેવાલ કેટલાક અખબારોમાં પ્રકાશિત થયેલા તે વાસ્તવિક નથી. આ અખબારી અહેવાલોમાં રાજ્યની સરેરાશ કરતાં ઓછા પરિણામવાળા જિલ્લાનું પરિણામ દર્શાવાયેલ, પરંતુ સમગ્ર રાજ્યના તમામ જિલ્લાઓના પરિણામોની સરેરાશ પ્રમાણે સરેરાશ ૯.૭૫ ટકાની વૃધ્ધિ જોવા મળી છે. હકીકતે અગાઉના ત્રણ વર્ષોની તુલાનામાં ૨૦૧૭માં ગુજરાતની શૈક્ષણિક સિદ્ધિમાં વધારો થયો છે.

એન.સી.ઈ.આર.ટી.ના સરવેની વિગતો આપતાં ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે ધો-૩માં ભાષા અને ગણિતમાં સરેરાશ ૧૫.૧૩ ટકા, ધો-૫માં પર્યાવરણ, ભાષા, ગણિતમાં ૮.૧૩ ટકા અને ધો-૮માં ભાષા, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનની શૈક્ષણિક ગુણાવત્તામાં ૫.૫૯ ટકાનો વધારો થયો છે.

શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ સરવે અને તેના આશયની પાશ્ચાદભૂમિકા સ્પષ્ટ કરતાં જણાવ્યું છે કે કેન્દ્ર સરકાર માનવ સંશાધન વિકાસ મંત્રાલય અંતર્ગત એન.સી.ઈ.આર.ટી. દ્વારા ગયા વર્ષે ૧૩મી નવેમ્બરના રોજ નેશનલ એસેસમેન્ટ ડેની ઉજવણી કરવામાં આવેલી, આ ઉજવણી અંતર્ગત સમગ્ર દેશના તમામ ૭૦૦ જેટલા જિલ્લાઓની પસંદગીની શાળાઓના બાળકોની શૈક્ષણિક સિધ્ધિઓ જાણવા રાષ્ટ્રીય સરવે હાથ ધરવામાં આવ્યો હતો. દેશના તમામ જિલ્લાઓનો આ પ્રકારનો સર્વે દેશમાં પ્રથમવાર જ થયો છે. આ સરવેનો મુખ્ય હેતુ જિલ્લા કે રાજ્ય વચ્ચે સરખામણી કરવાનો કે જિલ્લા કે રાજ્યના ક્રમ નક્કી કરવાનો નથી પરંતુ જે તે જિલ્લાના બાળકોની શૈક્ષણિક સમસ્યાઓ જાણી જિલ્લા કક્ષાએ જ સુધારાત્મક કાર્યોનું આયોજન કરવાનો છે.

હરેકૃષ્ણ મંદિર ભાડજ ખાતે ગૌર પૂર્ણિમાની ધામધૂમથી થયેલ ઉજવણી

ગાંધીનગર, તા. ૪

જગતમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુના થયેલ પાવન અવતરણની યાદગીરીરૂપે તા. ૧૨ માર્ચ,૨૦૧૭ ના રોજ હરેકૃષ્ણ મંદિર ભાડજ ખાતે ગૌર પૂર્ણિમાની ઉજવણી થઈ. શ્રી ચૈતન્ય મહાપ્રભુ પોતાની સ્વર્ણરૂપી કાયાને કારણે ગૌરાગાં તરીકે પણ પ્રસિધ્ધ છે. આ વર્ષે તેમની ૫૩૨મી જન્મજયંતિ ઉજવવામાં આવી હતી. આ ઉત્સવ ગૌડીય વૈષ્ણવો માટે નવા વર્ષના પ્રારંભનુ પણ નિરૂપણ કરે છે અને ભકતો રાત્રે ચંદ્ર પૂર્ણપણે ખીલી ઉઠે ત્યાં સુધી ઉપવાસ રાખે છે. જગતમાં હરિનામ સંકિર્તનનો પ્રારંભ સર્વ શકિતમાન ભગવાન શ્રીકૃષ્ણ સ્વંયમ થકી કરવા ઈચ્છતા હતા તેમજ સ્વંયમના ઉદાહરણ દ્વારા કેવી રીતે ભકિતમય સેવામાં સ્વયંએ સમર્પણ કરવું એ દર્શાવવા માંગતા હતા. આથી શ્રીમતી રાધારાની કે જે ભગવાનની સર્વોચ્ચ ભકત છે તેમના મનોભાવનો સ્વીકાર કરીને પોતે એક ભકતરૂપે પ્રગટયા હતા. તેમના અવતરણના આ દિવસને ગૌરપૂર્ણિમા ઉત્સવ તરીકે દર વર્ષે ઉજવવામાં આવે છે.

ભકત સમુદાય દ્વારા શ્રી ચૈતન્ય મહાપ્રભુ જેમણે જગતભરમાં ભગવાન શ્રીકૃષ્ણના પવિત્ર નામનુ રટણ કરવાના ઉદેશનો પ્રસરાવ કર્યો એ ઉદેશનું નિરૂપણ કરતા હરિનામ સંકિર્તનનું રટણ દિવસ આખા દરમ્યાન કરવામાં આવ્યું. મંદિરનો દરેક ખૂણો હરેકૃષ્ણ મહામંત્રના આધ્યાત્મિક ધ્વનિતરંગોથી ગૂંજી ઉઠયો હતો અને ભકતોની આધ્યાત્મિકતાને વેગ મળતા તેમના ભગવાન પ્રત્યેના ભકિતમય સમર્પણમાં ઉમેરો થયો હતો. શ્રી શ્રી નિતાઈ ગૌરાંગ (ભગવાન શ્રીચૈતન્ય અને શ્રી નિત્યાનંદા) ને સુંદર પૂષ્પોથી સુશોભિત પાલકીમાં મંદિરના અધિકારશ્રેત્રમાં વિહાર કરાવવામાં આવ્યો. ચૌતરફનું વાતાવરણ હરેકૃષ્ણ મંત્રના નાદથી અને ઢોલનગારાના અવાજથી ગૂંજી ઉઠ્યું હતું.

પાલકી ઉત્સવ બાદ ભગવાનશ્રી નો ભવ્ય અભિષેક કરવામાં આવ્યો જેમાં તેમને વિવિધ તત્વો જેવા કે દૂધ, દહીં, ઘી, મધ, ગોળનું પાણી, ફળોના રસ, અને ૭ પવિત્ર નદીઓમાંથી એકત્ર કરેલ જળના ૧૦૮ કળશ દ્વારા અભિષેક કરવામાં આવ્યો. અભિષેક દરમ્યાન ગૌરઆરતી ભજન ગાઈને ખાસ આરતી ઉતારવામાં આવી. પછી ભગવાનશ્રીને ૧૦૮ પ્રકારના વિવિધ પ્રકારના વ્યંજનો-મિષ્ટાનનો ભોગ ધરાવવામાં આવ્યો. ઉત્સવના અંતમાં અતિભવ્ય મહામંગલા આરતી પણ કરવામાં આવી હતી.

શ્રી ચૈતન્ય મહાપ્રભુના પિતા જગન્નાથ મિશ્રાએ તેમના પૂત્રજન્મના બીજા દિવસે ભવ્ય મિજબાની આપી હતી. આથી આ બાબતની યાદગીરીરૂપે ગૌરપૂર્ણિમા ઉત્સવના બીજા દિવસે ભકતો માટે ખાસ મિજબાની પણ આપવામાં આવી હતી.